જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૨/૧૩ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૩૮૪૧/૧૩**

**ગો.પુર પો.સ્ટે.** ફસ્ટ ૧૮૯/૧૩ ઈપીકો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે ફરી.ના ચોરીએ ગયેલ મો.સા.નં.જીજે-૧-ઈએ/૪૨૦૭ ની સાથે આરોપી મોહમદઈકરાર મોહમદઈશરરખાન પઠાણ ઉવ.૨૮ રહે, વકફ કમીટીની ચાલી, ચારતોડા કબ્રસ્તાનની પાસે, ઈલા પેટ્રોલપંપની બાજુમાં ગો.પુર નાઓને કાગડાપીઠ પો.સ્ટે. દ્વારા સી.આર.પી.સી. ૪૧(૧)ડી મુજબ અટક કરતા તેઓની વધુ પુછપરછ માટે અત્રે લાવતા સહ આરોપી મહમદઈમરાન સ/ઓ સમીરુલ્લા રહે, ૨૧૫/૬૦ ઝાલમપુરાની ચાલી, સરસપુર પોસ્ટ ઓફિસ પાસે, સારસપુર અમદાવાદ નાઓનુ નામ ખુલવા પામેલ જેથી તેને બાતમી આધારે તા:૨૦/૧૨/૧૩ ના કલાક ૨૦/૦૦ વાગે ઉપરોક્ત ગુનામાં પકડી અટક કરેલ છે.

### વટવા પોલીસ સ્ટેશન

વટવા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૩૬૪૮/૨૦૧૩ ધી આવશ્યક ચીજવસ્તુ ધારા કલમ ૩,૭ મુજબના કામમાં હકીકત એવી છે. કે , અત્રેના પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. શ્રી જે.એન ગૌસ્વામી તથા મ.સ.ઇ. મોહસીનમીયાં અકબરમીયાં બ.નં.૭૦૯૪ તથા હેડ કોન્સ મહેશકુમાર પુજાભાઇ તથા હેડ કોન્સ. નરેન્દ્રસિંહ ખુમાનસિંહ તથા પો.કો અબ્દુલવાહીદ અમીરઉલ્લાખાન તથા પો.કો મહેન્દ્રસિંહ રમેશદાન નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન ફરતા ફરતા કલાક ૨૨.૧૦ વાગ્યાની પો.કો મહેન્દ્રસિંહ રમેશદાન નાઓની બાતમી હકીકત આધારે નારોલ કેનાલ રોડ સદાની ધાબી પાસેથી આરોપી રફિકભાઇ સન/ઓફ સફિમંહમદ @ લાલુભાઇ શેખ ઉ.વ.૩૭ રહેવાસી- ગુજરાતી સ્કૂલની બાજુમાં ચુનારાવાસ નારોલ અમદાવાદ શહેર નાને મારૂતિ વાન નંબર જી.જે.૧.એ.પી. ૫૮૦૯ કિ.રૂ. ૬૦,૦૦૦/- નીમાં વગર પાસ પરમીટનુ રાહત દરનુ સરકારી કેરોસીન ૩૬૦ લીટર કિ.રૂ.૫૪૦૦/- નુ બીજા કોઇ ઉપયોગ કરવા સારૂ લઇ જતાં તા ૨૦/૧૨/૨૦૧૩ ના કલાક ૨૩.૦૦ વાગે પકડી અટક કરી જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.અને આગળની વધુ પુછ્પરછ સદરી આરોપીને ચાલુ છે.

### એલીસબ્રીજ પોલીસ સ્ટેશન

તા.૨૦/૧૨/૧૩ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે હે.કો.રાકેશ રમાશંકર અને સ્ટાફના માણસો એલીસબ્રીજ પુલના છેડે વાહન ચેકીંગ કરતા હતા દરમ્યાન પલ્સર મોટર સાયકલ નંબર જીજે ૧ એમપી ૬૪૬૫ ઉપર આવેલ બે પુરૂષોને શકદાર હાલતમાં જણાઈ આવતા અટકાવ્યા હતા. આ બે પુરૂષોને ચેક કરતા એક પુરૂષ પાસેથી તીક્ષણ ધારવાળી છરી મળી અવી હતી. પુછપરછમાં તેમના નામ (૧) મોહમદ ઇમરાન ફજલ હુસૈન શેખ (ઉ.વ.૩૧) (રહે. ગુલશને હેબાબ સોસાયટી અલફારુક મસ્જીદ પાસે જુહાપુરા) અને (૨) અકીલઅહેમદ રફીકઅહેમદ શેખ (ઉ.વ.૨૮) (રહે. અંજુમ કોલોની, ટીવી. ૯ ની ગલી વેજલપુર) જણાવ્યા હતા. એલીસબ્રીજ પોલીસે જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ ગુનો નોધવામાં આવ્યો છે.

**<u>નરોડા પોલીસ સ્ટેશન</u>**

આજરોજ તા.૨૧/૧૨/૨૦૧૩ સવારના સમયે હે.કો. જગદીશભાઇ અળવેશ્વરભાઇ, પો.કો. રુદ્દદત્તસિંહ, પો.કો.મહિપાલ તથા પો.કો. અનિકેત સાથે પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કલાકઃ ૯/૪૫ વાગે પો.કો. રુદ્દદત્રસિંહનાઓને બાતમી મળેલ કે, બે છોકરાઓ. ચોરીનુ હિરો હોન્ડા પેશન પ્રો મોટર સાયકલ નંબર જીજે ૧ એનપી ૨૭૯૮ લઇ નિકળનાર છે. જે આધારે વોચ રાખતા સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે નરોડા સૈજપુર ગાયત્રી સોસાયટીના નાકેથી શહેર કોટડા નરોડા રોડ અશોક મીલ સામે સી કોલોનીમાં રહેતા ૧૭ વર્ષના બે છોકરાઓ મળી આવેલ જેઓ પાસેથી મોટર સાયકલ નંબર જીજે ૧ એનપી ૨૭૯૮ કિમત રૂપિયા ૩૫,૦૦૦/-,  કાગળો આર.સી.બુક વગર મળી આવેલ. જે મોસા. સદરી ઇસમો એ ચોરી અગર છળકપટથી મેળવેલ હોય સદરી પાસેનુ મો.સા. સીઆરપી ૧૦૨ મુજબ મો.સા. કબજે લીધેલ છે તથા સદરી બન્ને ઇસમો કાયદાના સંઘષમાં આવેલ કિશોર હોય બન્ને વિરુધ્ધ સી.આર.પી.સી. ૪૧(૧) ડી મુજબ કલાક ૧૧/૦૦ વાગે કાયદેસરની કાર્યવાહી કરેલ સદરી બન્નેએ આ મો.સા. આજ થી ત્રણ મહિના પહેલા કાલુપુર રિલીફ રોડ કડિયા કુઇના નાકા પાણીની પરબ પાસેથી ચોરી કરેલ હોય જે અંગે કાલુપુર પો.સ્ટેશન ફસ્ટ ગુ.રન.૧૮૬/૧૩ ઇપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે. આ બંને ઇસમોએ બીજી કોઇ મો.સા.ની ચોરી કરેલ છે કે કેમ ? તેની તપાસ  ચાલુ છે.

**બાપુનગર** તા.૨૦/૧૨/૧૩ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે બાપુનગર ગિરધનગર ફલેટ પાસે મહાશક્તિ સોસાયટીની પાસેથી નીધીબેન હસમુખભાઈ અજમેરા (રહે. શ્રધ્ધા એપાટ્મેંટ જ્યોતિ  જાગૃતિ સોસાયટીની બાજુમા ઈંડિયા કોલોની રોડ બાપુનગર) ઓરીએંટલ બેંકમાથી પરત આવતા તેમના હાથમાંથી રૂપિયા ૩૦૦/- સાથેનુ પર્સ નીધીબહેનની પાછળથી મોટર સાયકલ ઉપર આવેલ આરોપીઓ (૧) ઈંદ્રજીત વિજયકુમાર મલા (રહે. એ/૨૮ જહાગીરપુરા દિલ્લી) અને (૨) મોહમદફૈઝુલ મોહમદઉમર કુરેશી (રહે.દિલ્લી) ખેચી લુટ કરી ભાગતા હતા ત્યારે નીધીબહેને બુમાબુમ કરતા માણસોએ બન્નેને પકડી લીધા હતા અને કંટ્રોલમાં ફોન કરતા ત્વરીત બાપુનગર પોલીસ પહોચી જઈ અટક કરી લુંટનો ગુનો નોધી મે.કોર્ટમાં રજુ કરી તા.૨૨/૧૨/૧૩ બપોરના ૨/૦૦ વાગ્યા સુધીના રિમાન્ડ મેળવી આ ગુનાની તપાસ પો.સ.ઈ.  આર.જી.જાડેજા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.